# ગુજરાત સરકાર

ક્રમાંક-મસક/૧૦૨૦૧૯/GOI-૧૪(પા.ફા.)/ફ
ગૃહ વિભાગ, સચિવાલય
ગાંધીનગર.
તા.૦૯/૦૬/૨૦૨૨

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો
સચિવાલય, ગાંધીનગર

વિષય-સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર દળોમાં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત્ત થયેલ સૈનિકોના પરિવારોના સરકારી કામકાજનું તત્કાલ નિરાકરણ લાવવા બાબત.

સંદર્ભ-ગૃહ વિભાગનો તા.૦૯/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક-મસક/૧૦૨૦૧૯/GOI-14/ફ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પોતાના પરિવારથી હજારો કિલોમીટર દૂર જોખમભર્યા વિસ્તારો, ખરાબ હવામાન, વિષમ અને કસોટીપૂર્ણ પરિસ્થિતિમાં પોતાની જાનની પરવાહ કર્યા વગર દેશની સેવા અને સુરક્ષામાં હંમેશા તત્પર રહેતા સશસ્ત્ર દળો જેવા કે ભૂમિદળ, નૌસેના, વાયુસેનામાં અને કેન્દ્રીય સશસ્ત્ર દળો જેવા કે બી.એસ.એફ, આઈ.ટી.બી.પી અને સી.આર.પી.એફ.માં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત્ત થયેલ સૈનિકોના પરિવારોને સરકારી કામકાજ માટે જ્યારે કોઈપણ સરકારના વિભાગો/ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓનો સંપર્ક કરે અથવા રજૂઆત કરે તે સમયે સંપૂર્ણ સહકાર તેમજ સહાનુભૂતિ દર્શાવવા વિનંતી છે. જેથી, સૈનિકો તેઓની ઘરેલુ સમસ્યાઓથી નિશ્ચિત થઈને બુલંદ હોસલા સાથે દેશની સેવામાં તત્પર રહે. આ અંગે નીચેની બાબતો ખાસ ધ્યાને રાખવી.

૧. સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર દળોમાં ફરજો બજાવતા તેમજ સેવા નિવૃત્ત થયેલ સૈનિકોના પરિવારોને સરકારી કામકાજ માટે સરકારી કચેરીઓમાં જાય ત્યારે તેઓ સાથે સ્નેહપૂર્વક અને સમ્માનપૂર્વક વ્યવહાર કરવો.

૨. તેઓની રજૂઆત/ અરજીઓનો સત્વરે નિકાલ કરવો.

આથી, આપના વિભાગને તેમજ આપના હસ્તકના તમામ ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓને આ બાબતમાં યોગ્ય સૂચના આપવા વિનંતી છે. આ બાબતે અગાઉ પણ સંદર્ભદર્શિત તા.૦૯/૧૨/૨૦૧૯ના પત્રથી જરૂરી સૂચનાઓ આપેલ હતી. આથી, આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા આજ્ઞાનુસર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(નિયત પટેલ)

ઉપસચિવ

ગૃહ વિભાગ

નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ રવાના:-

-ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ.

- આઈ. ટી. શાખા- ગૃહ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.